

# ૫૭મો વાર્ષિક પદવીદાન સમારંભ

**સોમવાર, ૧૫ ડિસેમ્બર ૨૦૧૪**



**પદવીદાન વ્યાખ્યાન**

**શ્રીમતી આનંદીબેન પટેલ**

**મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય**

**મુખ્ય મહેમાન**

60 Glorious Years

1955-2014

*Model for Rural Development*

## સરદાર પટેલ યુનિવર્સિટી
## વલ્લભ વિદ્યાનગર

**૫૭મો**

# વાર્ષિક પદવીદાન સમારંભ

**સોમવાર, ૧૫ ડિસેમ્બર ૨૦૧૪**

**પદવીદાન વ્યાખ્યાન**

**શ્રીમતી આનંદીબેન પટેલ**
**મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજય**
**મુખ્ય મહેમાન**

## સરદાર પટેલ યુનિવર્સિટી
## વલ્લભ વિદ્યાનગર

**સરદાર પટેલ યુનિવર્સિટી**
વલ્લભ વિદ્યાનગર

**પદવીદાન વ્યાખ્યાન - ૧૫ ડિસેમ્બર ૨૦૧૪**

શ્રીમતી આનંદીબેન પટેલ

સરદાર પટેલ યુનિવર્સિટીના ૫૭મા પદવીદાન સમારંભમાં ઉપસ્થિત પરમ સન્માનીય રાજયપાલશ્રી ઓમપ્રકાશ કોહલીજી, એસ.પી. યુનિવર્સિટીના વાઈસ-ચાન્સેલર શ્રી હરિશ પાઢજી, ડૉ. મોહનભાઈ પટેલ, ડૉ. શિરીષ શ્રીવાસ્તવ, માનનીય સાંસદશ્રીઓ-શ્રીમાન દિલીપભાઈ પટેલ, શ્રી લાલસિંહજી વડોદીયા, ધારાસભ્યોશ્રીઓ-શ્રી રોહિતભાઈ પટેલ, શ્રી સંજયભાઈ પટેલ, શિક્ષણક્ષેત્ર સાથે સંકળાયેલા સૌ મહાનુભાવો, પદવી મેળવનાર તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનો, સેનેટ મેમ્બર્સ અને અન્ય ઉપસ્થિત ભાઈઓ અને બહેનો ...

વિશ્વની પ્રાચીન સંસ્કૃતિ વેદ-ઉપનિષદમાં પણ શિક્ષા-દીક્ષાનું માહાત્મ્ય સ્વીકારાયું છે. ઉપનિષદમાં આ શિક્ષા-દીક્ષાનું વિસ્તૃત વર્ણન છે. પ્રાચીનતમ સંસ્કૃતિનો આપણો દેશ ભારત અને તેની સંસ્કૃતિ જીવંત, પવિત્ર હોવા સાથે વૈજ્ઞાનિક પણ છે. એના કારણમાં પ્રાચીન ગુરૂકૂળ પરંપરાની શિક્ષણ પ્રણાલિ છે. ગુરૂકૂળ જેવા પૂર્ણ વિકસિત શિક્ષણ-સંસ્કાર સાધના ધામનો પહેલ વહેલો ખ્યાલ ભારતમાં જન્મ્યો. માત્ર બુદ્ધિ, આવડત કે શારીરિક શક્તિઓ જ નહિં, પરંતુ સદ્‌ગુણો અને ચારિત્ર્યનો પણ વિકાસ થાય અને પોતાના જ્ઞાનનો વિનિયોગ રોજીંદા વ્યવહારમાં થઈ શકે એવી કેળવણી આ ગુરૂકૂળ પરંપરાની શિક્ષણ પ્રથામાં અભિપ્રેત હતી. એ અર્થમાં ગુરૂકૂળ પરંપરા એ એવી પ્રાચીન યુનિવર્સિટી હતી જ્યાં ગુરૂ શિષ્ય સંવાદ, ચર્ચાઓ અને વાર્તાલાપ દ્વારા જ્ઞાન સંપદાનું આદાન-પ્રદાન થતું હતું.

ગુરૂકૂળ પરંપરા પછી સમયાનુકૂળ પરિસ્થિતિ અનુસાર જ્ઞાન-વિજ્ઞાનના પરિપ્રેક્ષ્યમાં વલ્લભી વિદ્યાપીઠ અને ઈ.સ.૭૦૦માં વિશ્વની પ્રથમ યુનિવર્સિટી તક્ષશીલા વિદ્યાપીઠ ભારતમાં સ્થપાઈ. તે પછી નાલંદા વિદ્યાપીઠ જેવી અજોડ વિદ્યાપીઠો શિક્ષણની ઉચ્ચ વ્યવસ્થા અને જ્ઞાન જ્યોતને ઝળાહળાં બનાવવાના સંસ્કાર ધામો બની રહયા હતા. શિક્ષિત વ્યક્તિ દીક્ષિત થાય નહિં ત્યાં સુધી શિક્ષણ અધુરૂં ગણાય એવી ભારતીય ગુરૂકૂળ

અને પ્રાચીનતમ વિદ્યાલયોની પ્રણાલિમાં વિદ્યાર્થીને શિક્ષણ પ્રાપ્તિ બાદ અનેક કસોટીમાંથી સાહજિક રીતે પસાર થવું પડતું હતું. એ અર્થમાં શિક્ષિત વ્યક્તિને દક્ષતા દ્વારા જીવનમાં નિર્ણયો અને જવાબદારીઓના તબક્કે કસોટીની એરણે પાર ઉતારવાની આ પ્રાચીનતમ પરંપરા એટલે જ પદવીદાન સમારંભ. એ પરંપરા વર્તમાન યુગમાં પણ કોન્વોકેશન સેરીમની દ્વારા સચવાતી આવી છે, એમાં પણ જ્ઞાનના મંદિરમાંથી પ્રાપ્ત કરેલા જ્ઞાન સંપદાનો સમાજ માટે ઉપયોગ કરવાનું દાયિત્વ જ અહ્‌મ ભૂમિકામાં રહેલું છે.

આજે એવો અવસર સરદાર પટેલ યુનિવર્સિટીના આંગણે ૫૭મા પદવીદાન સમારોહથી ઉજવાઈ રહ્યો છે. તેમાં પરમ સન્માનનીય રાજ્યપાલશ્રી અને કુલાધિપતિશ્રી ઓ.પી. કોહલીજી સાથે ઉપસ્થિત રહેવાની મને મળેલી તકને સૌભાગ્ય ગણું છું.

આ યુનિવર્સિટીનું નામાભિધાન એવા વિરલ વ્યક્તિત્વઃ સરદાર વલ્લભભાઈ પટેલના નામ  સાથે જોડાયેલું છે જેણે નિડરતા, ખૂમારી, હિંમત અને ધીરજનો સમન્વય સાધ્યો હતો. સરદાર સાહેબ સ્પષ્ટપણે કહેતા કે શિક્ષણ ધામો-યુનિવર્સિટીઓ માત્ર નોકરીયાતો પેદા કરનારા કારખાના ન બની રહેવા જોઈએ.

રાષ્ટ્રનિર્માણ, ચારિત્ર્ય ઘડતરનો ભાવ યુવાનોમાં જાગે તેવા તેમના આ મર્મને પારખીને એટલા માટે જ આ યુનિવર્સિટીએ તેનો મુદ્રાલેખ 'શીલવૃત ફલં શ્રુતમ્'નો રાખ્યો છે એનો અર્થ એ કે અહીં મેળવેલા જ્ઞાનથી ચારિત્ર્ય ઘડતર અને રાષ્ટ્રનિર્માણ થવું જોઈએ. આપ સૌ પણ આપના જીવનમાં આ મંત્ર અપનાવશો એવો મને ચોકકસ વિશ્વાસ છે.

આજે આપ સૌ વિદ્યાર્થી અવસ્થામાંથી બહાર આવી વિશાળ જીવનના મુકામ તરફ પ્રયાણ કરી રહ્યા છો. અત્યાર સુધી ગુરૂજનો માર્ગદર્શક હતા હવે નિર્ણયો અને નિર્ધાર જાતે જ કરવાનું સામર્થ્ય અને આત્મવિશ્વાસ જગાવવાના છે. જીવનની મુશ્કેલીઓ-પડકારો સામે સરદાર સાહેબનું દૃઢ-ખંતીલું મનોબળ અને અહીંથી જ મેળવેલ જ્ઞાનશક્તિનો સંચય ચારિત્ર્યનું ઘડતર તથા જીવન જીવવા માટેનો પ્રશસ્ત માર્ગ આ શિક્ષા-દીક્ષામાંથી આપ સૌને જ મળશે.

યુનિવર્સિટી એજ્યુકેશન માત્ર ડીગ્રી પ્રાપ્તિ માટે નથી-જ્ઞાન સામર્થ્યનો ઉપયોગ સમાજ-દેશ માટે કરીએ. આપણે મેળવેલી ડીગ્રી-પદવીને વિશાળ દૃષ્ટિકોણમાં રૂપાંતરિત કરી જે જ્ઞાન મેળવ્યું છે તેને જીવનમાં ચારિત્ર્ય ઘડતર સાથે સમાજ માટે દેશ માટે જીવી જાણવા ઉપયોગ કરીએ. ડેમોગ્રાફીક ડિવીડન્ડ-૬૫ ટકા કરતા વધુ યુવાશક્તિ ધરાવતા આપણા



દેશમાં બહુધા યુવાધનની માનસિકતા ડીગ્રી પ્રાપ્ત કરી જીવનમાં સ્થિર થવાની જ છે અને તે સ્વાભાવિક પણ છે. યુવાવર્ગ તો તરવરાટથી થનગનતો અને જોમ-જુસ્સાથી છલોછલ હોવો જોઈએ. જીવનમાં સ્થિરતા ભલે લાવો પરંતુ સ્થગિતતા કદી ન લાવશો. જે જ્ઞાન-કૌશલ્ય મેળવ્યું છે તેની સતત વૃદ્ધિ થતી રહે-સમાજના શ્રેયાર્થે અને સ્વવિકાસ માટે વિનિયોગ થતો રહે તે નિરંતર આવકાર્ય જ નહીં આવશ્યક પણ છે.

Teaching has limit - Learning has Not. એ વાતને હૈયે રાખીને માત્ર કંઈક મેળવવાની પરિધિમાં સીમિત ન રહેતાં સમાજને કાંઈક આપવાની પણ ઉત્સુકતા રાખીએ. શિક્ષણનો અર્થ માત્ર ડીગ્રીલક્ષી શિક્ષણ ન જ હોઇ શકે. શિક્ષણ એ જ્ઞાન અને કૌશલ્યનો સમન્વય છે. વ્યક્તિનો સર્વાંગી વિકાસ એના પાયામાં છે. વિદ્યાર્થી એની વિદ્યાર્થી અવસ્થા દરમ્યાન મેળવેલા જ્ઞાન અને કૌશલ્યનો સતત ઉપયોગ કરતો રહે અને વિકસે તે જરૂરી છે. આજે આપણી શિક્ષણ પદ્ધતિ એ પ્રકારની છે કે વિદ્યાર્થીને નકકી કરેલા વિષયો કે સંસ્થા દ્વારા આપવામાં આવતા વિષયોની મર્યાદામાં રહીને જ અભ્યાસ કરવો પડે છે. આવું થાય છે ત્યારે વ્યક્તિના જ્ઞાનનું ક્ષેત્ર મર્યાદિત બની જાય છે. આપણી ભારતીય પરંપરા તો आनो भद्रा क्रतवो यन्तु विश्वतः બધી જ દિશાઓમાંથી શુભ વિચારો અને જ્ઞાન મેળવી લેવાની વાત કરે છે. તો શિક્ષણમાં આવી લવચિકતાને અવકાશ કેમ ન હોય ?

૨૦મી સદી શસ્ત્રની સદી હતી આ ૨૧મી સદી શાસ્ત્ર અને જ્ઞાનની સદી છે. આજની સદી સ્પર્ધાની સદી છે. યુવાન તન-મનમાં સ્પર્ધામાં ઝૂકાવવાનો થનગનાટ હોવો જોઈએ. એક મરજીવાની જેવી ઈચ્છાશક્તિ જીવનના હરેક ક્ષેત્ર માટે હોવી જોઈએ. પડકાર અને કસોટી વગર યુવાની એળે જ જાય. સમયના વહેણમાં ભારતના ભૂતકાળની ભવ્યતા ધીમે ધીમે વિલીન થવા લાગી. સાચા અર્થમાં જેને સંશોધન કહી શકાય તેવું શિક્ષણ આ ભૂમિમાં અપાતું હતું તેને બદલે આપણે શિક્ષણના પાશ્ચાત્ય મૉડેલને અનુસરવાનું શરૂ કર્યું. એક સમયે પાયાનું શિક્ષણ એટલું સબળ અને સમૃદ્ધ હતું કે આપણા વિદ્યાર્થીઓ વિદેશમાં પણ ઉત્તમ દેખાવ કરતા હતા. સમય જતાં આપણે અમેરિકન મૉડેલને અનુસરવાનું શરૂ કર્યું. એનું પરિણામ એ આવ્યું કે જરૂર જેટલા જ સૂત્રોનો ઉપયોગ થવાને કારણે જ્ઞાન સીમિત બન્યું. આ પરંપરા વર્ષોવર્ષ ચાલી.

જો કે હવે એ સમય પાકી ગયો છે કે આપણે સમય અને જરૂરિયાત મુજબ શિક્ષણનીતિને ઘડવી પડશે. એના ભાગરૂપે હું માનું છું કે આજે અપાતા પ્રાથમિક અને માધ્યમિક

શિક્ષણમાં અન્ય વિષયોની સાથે ગણિત અને અંગ્રેજી પર વિશેષ ભાર મૂકવો પડશે. એ માટે ગુણવત્તાયુક્ત શિક્ષકો પણ તૈયાર કરવા પડશે. વાયબ્રન્ટ ગુજરાત, વાયબ્રન્ટ ઈકોનોમીની આ ૨૧મી સદીના પ્રથમ દશકાને અંતે આગવી ઓળખ ઊભી થઈ. હવે વૈશ્વિક અર્થતંત્રમાં પણ ગુજરાત પોતાનું સામર્થ્ય આ યુવાશક્તિના સહયોગથી બતાવવા પ્રતિબદ્ધ બન્યું છે. કેવળ ડિગ્રી નહીં, સ્કીલનું પ્રાધાન્ય આજની યુવાશક્તિની Key of Success છે. વિશ્વની ઈકોનોમી જોતાં ૨૦ મિલીયન સ્કીલ્ડ યુથપાવર ફોર્સની જરૂર ઊભી થવાની છે. ભવિષ્યમાં હવે પોલીટીકલ પાવરની સ્ટ્રેન્થથી નહીં, ઈકોનોમીક પાવરની સ્ટ્રેન્થથી દુનિયા ઉપર સર્વોપરિતા સ્થાપવાની છે અને એના માટે હિન્દુસ્તાની યુવા સંપદા કોઈથી ઉતરતી નથી, ઉત્તમ જ છે. આજે ગુજરાત રોજગારીની તકો પૂરી પાડવામાં દેશમાં પ્રથમ અને એકમાત્ર રાજ્ય છે. ૭૨ ટકા રોજગારી એકલા ગુજરાતે પૂરી પાડી છે.

ગુજરાત આજે એશિયન ઈકોનોમીની હરોળમાં પહોંચી ગયું છે-એશિયન દેશો ગુજરાતના પાર્ટનર ઑફ પ્રોગ્રેસ બનવા થનગની રહ્યા છે-ચીન-જાપાન-કોરિયા-સિંગાપોરની કંપનીઓ આવતી જ રહી છે અનેક દેશો ગુજરાતમાં વિકાસના સહભાગી બનવા કતારમાં છે.

આપણે સમગ્ર ભારત દેશને વિશ્વમાં જગદ્‌ગુરૂ બનાવવો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દુનિયાભરમાં ભારતની પ્રતિષ્ઠા ઉત્તરોત્તર વધતી જાય છે.

શિક્ષા-દીક્ષાનું જ્ઞાન પ્રાપ્ત કરી આજે હવે આપ સૌ દુનિયાના ચોકમાં ઉભા છો. ચારેકોરથી વિચારોનો મારો ચાલશે-એ બધા વચ્ચે આપે નિડરતાથી નિર્ભયતાથી સ્વવિચારોને અનુસરીને સમષ્ટિ માટે કર્તવ્યરત રહેવાનું છે. આપે જે જ્ઞાન મેળવ્યું છે તેનો સમાજ શ્રેયાર્થે મહત્તમ વિનિયોગ થાય સતત અપડેશન થાય તે માટે અધ્યયન પણ કરતા રહેવું પડશે. આપણે આપણા વૈચારિક જ્ઞાનને પરિશુદ્ધ કરતાં આગળ વધવાનું છે અને એ માટે અધ્યયન-મૂલ્યાંકન પ્રેરક બની રહેશે.

જેમ અન્ન વિના દેહ ટકતો નથી તેમ જ્ઞાન વિના આત્મા પુષ્ટ થતો નથી. માટે રોજેરોજ જ્ઞાન મેળવવા-અધ્યયન કરવા એકાદ કલાકનો સમય કાઢીએ. આવું અધ્યયન-ચિંતન-મનન ઉત્સાહ આપશે-નવી શક્તિ નવું સામર્થ્ય આપશે. ગ્રહણશક્તિ, સમજણશક્તિ અને જ્ઞાન પિપાસાને તીવ્ર બનાવશે. તમારી અંદર જે પડેલું છે તેને બહેલાવી સમાજહિત માટે બહાર લાવશે. આ દુનિયામાં અગાધ જ્ઞાન સાગર છે પરંતુ તેનું આચમન લેવા નિરંતર મન ખૂલ્લું રાખીને શીખવા-જાણવા-અધ્યયન કરવા-મંથન કરવાની કોશિશ



કરતા રહેવાની છે. જીવનનો પ્રત્યેક શ્વાસ વર્તમાન છે એથી જ શીખવાનો-જાણવાનો-વિસ્તરવાનો ઉમંગ જીવનને ચેતનવંતુ બનાવશે.

આપ સૌએ અત્યાર સુધીના વિદ્યાર્થી કાળમાં જે પ્રાપ્ત કર્યું છે તેમાં કેટકેટલા સમાજ-સહયોગી-પરિવાર સૌનો પરિશ્રમ સમાયેલો છે તેને આજની પળે યાદ કરજો. તેમનું ઋણ અદા કરવાનું દાયિત્વ નિભાવવાનો સંકલ્પ કરશો. આપણા જ કવિ ઉમાશંકર જોષીએ કહેલી આ વાત પદવીદાનના આ દિવસે આજીવન હૈયે રાખજો. એમણે કહ્યું છે :

તમે આગળ ઉપર હાઈકોર્ટ ધ્રૂજાવો
કે યુનિવર્સિટીના શિખર પર કળશ થઈને દીપી રહો,
ભારે અફસર થાઓ કે મહાપુરૂષ બની જાઓ,
પણ ત્યારે આટલું કદી ભૂલશો નહીં કે-
તમે અહીં અત્યારે ભણો છો, એ એક અકસ્માત જ છે.

તમે અહીં ભણો છો...ને તમારી ઉંમરના ગોઠિયાઓ
ખેતરે માળા પર ચડી પંખીડાં ઉડાડે છે,
કારખાનામાં બેવડ વળી જાય છે,
વીશીઓના અંગીઠા આગળ શેકાય છે,
અથવા તો રઝળપાટ કરે છે
કોઈ અકસ્માતથી તમે એને ઠેકાણે હોત,
એ તમારે ઠેકાણે હોત...તો ?

કુલપતિશ્રીએ ઉલ્લેખ કર્યો કે સરદાર પટેલ યુનિવર્સિટી જેની સ્થાપના ૧૯૫૫માં થયેલી તે હિરક મહોત્સવ વર્ષ (ડાયમંડ જ્યુબિલી ઈયર)માં પ્રવેશી રહી છે. આ વર્ષમાં આ યુનિવર્સિટીમાંથી જે વિદ્યાર્થીઓએ શિક્ષણ પ્રાપ્ત કર્યું છે તે સૌને હું આગ્રહ કરું છું કે આ વર્ષ દરમ્યાન આપે યુનિવર્સિટી પાસેથી જે મેળવ્યું છે તેને ધ્યાનમાં રાખી અને યુનિવર્સિટીને તે ફૂલ નહિં, ફૂલની પાંખડી સ્વરૂપે પણ પરત આપવાનું દાયિત્વ નિભાવો.

આ વર્ષની શરૂઆત એક સારા એવા મોટા દાનથી થઈ રહી છે. નડિયાદના ઈન્દુકાકા ઈપ્કોવાલાની પોતાની અને તે પછી તેમના કુટુંબીજનોની એક વિશાળ પ્રથા રહી છે કે આ વિસ્તારના ઘણા શૈક્ષણિક અને સામાજિક કાર્યોમાં પોતાનું દાન આપતા રહેવું અને આ વિસ્તારના વિકાસમાં ઈપ્કોવાલા પરિવારનો અનોખો ફાળો રહ્યો છે. ઈપ્કોવાળા પરિવારના

શ્રી દેવાંગભાઈ પટેલ અને તેમના કુટુંબીજનો અને મિત્રો દ્વારા સરદાર પટેલ યુનિવર્સિટીને રૂા. દોઢ કરોડનું દાન જાહેર કર્યું છે. આ રકમ યુ.એસ.એ. અને ભારતમાં રહેતા મિત્રો અને ઈપ્કોવાલા કુટુંબીજનો તરફથી યુનિવર્સિટીને દાન પેટે અપાઈ રહી છે. એથી પણ વિશેષ કે જે રૂા. દોઢ કરોડની બાંહેધરી હતી તે વધારીને શ્રી દેવાંગભાઈએ આ રકમને રૂા. ૨ કરોડ સુધી લઈ જવાનો નિર્ણય જાહેર કર્યો છે. આ તફાવતની રકમનો ચેક શ્રી દેવાંગભાઈ પટેલ (ઈપ્કોવાલા) માનનીય કુલાધિપતિશ્રીને અર્પણ કરવાના છે. સરદાર પટેલ યુનિવર્સિટીએ વિજ્ઞાનમાં આંતરવિદ્યાકીય ક્ષેત્રમાં અધ્યાપન-સંશોધન કાર્ય આરંભ્યું છે. આ રકમનો ઉપયોગ ઈપ્કોવાલા સેન્ટર ફોર એપ્લાઈડ સાયન્સને સ્થાપિત કરવા માટે અને તેમાં ઈન્ટર ડીસીપ્લીનરી વિષયોનો વિકાસ થઈ શકે તે માટે અનુસ્નાતક ભણતર અને પીએચ.ડીના અભ્યાસક્રમો કાર્યરત થવાના છે. ઈપ્કોવાલા સેન્ટર ફોર એપ્લાઈડ સાયન્સમાં ડિફેન્સ ટેકનોલોજી, મેડીકલ ટેકનોલોજી જેવા આંતરવિદ્યાકીય વિષય ઉપર ધ્યાન આપવામાં આવશે.

આજે આ પદવીદાન સમારોહમાં એક સુયોગ પણ સધાયો છે. ૧૨૧૯૯ વિદ્યાર્થીઓને તેમની દક્ષતા માટે પદવી એનાયત કરવાના આ અવસરે જ્ઞાન-સાધનાના આજીવન ઉપાસક અને શિક્ષક ધર્મ સદા-સર્વદા ઉજાગર કરતા મહામહિમ રાજ્યપાલશ્રી પ્રો. ઓમપ્રકાશજી આપણને આશીર્વચન પાઠવવાના છે. સોનામાં સુગંધ ભળે તેવા આ અવસરે મને પણ એક શિક્ષક તરીકે અહીં ઉપસ્થિત રહેવાનું ગૌરવ પ્રાપ્ત થયું છે. લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના નામ સાથે જોડાયેલી આ યુનિવર્સિટીના હોનહાર પદવી ધારક તરીકે આપ સૌ કારકિર્દી ઘડતર, સેવા અને સ્થિરતાના માર્ગે પદાર્પણ કરી રહ્યા છો. એ લોખંડી મનોબળના સ્વામી સરદાર સાહેબની દૃઢ સંકલ્પશક્તિ, ખૂમારી, ધૈર્ય અને હિંમત સાથે સમાજ ઉન્નતિ, વિકાસ અને દેશ-રાજ્યને પ્રગતિના ઉત્તુંગ શિખરે લઈ જવાનું શક્તિ-સામર્થ્ય પ્રાપ્ત કરો અને ઉજ્જવળ ભવિષ્યની કેડી કંડારો એ જ શુભકામનાઓ આપ સૌને પાઠવું છું.

જય જય ગરવી ગુજરાત, જય જય ગરવી ગુજરાત !

...વંદન...